# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૯ અંક : ૧૦-૧૨ ૧૫-૭-૨૦૦૯ સળંગ અંક : ૨૧૫



સંપાદકો

પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## Editorial

### SPURIOUS LIQUOR: THE BIOCHEMICAL BASIS

In Mahatma Gandhi's Gujarat, the state full of spirit, and free from liquor, every decade or two a spurious liquor (hooch) episode rocks the country. Every time it happens-it leads to deaths of people, mainly the bread earners, and thus leaving that many number of families helpless.

The issue is already discussed and debated in media and other places. The idea here is to understand the biochemical basis of the toxicity of the spurious liquor, the toxic ingredient of which is an alcohol, methanol. This methanol is an abnormal constituent of liquor and is very similar in its properties to ethanol, a normal active constituent of all wines, beer and other alcoholic beverages. The wines are made through fermentation (આથો આવવો) of carbohydrates present in fruit juices and similarly for other alcoholic beverages. Fermentation is a biochemical process and it produces ethanol as active component which gives the *hic-hic* but it is safe (apart form being injurious to health on long run).

Where does methanol come from: ethanol and methanol have several industrial applications and therefore used as bulk chemicals. When cheap liquors are made the methanol by error, since it is very similar to ethanol, gets in place of ethanol and it is not detected till it affects the consumers.

Methanol Toxicity: Methanol is toxic. If ingested, as little as 10ml can cause permanent blindness by destruction of the optic nerve. The usual fatal dose is 100–125 ml. Toxic effects take hours to start, but effective antidotes can often prevent permanent damage. Methanol is toxic by two mechanisms. Firstly, methanol (whether it enters the body by ingestion, inhalation, or absorption through the skin) can be fatal because-it depresses Central Nervous System in the same manner as ethanol poisoning. Secondly, it is metabolized to formic acid via formaldehyde in a process catalyzed by the enzyme alcohol dehydrogenase in the liver. Formate is toxic because it inhibits mitochondrial cytochrome c oxidase, causing the symptoms of hypoxia (oxygen deficiency) at the cellular level, and also causing metabolic acidosis among a variety of other metabolic disturbances.

Symptoms: The initial symptoms of methanol intoxication are those of central nervous system depression: headache, dizziness, nausea, lack of coordination, confusion, drowsiness, and with sufficiently large doses, unconsciousness and death. The initial symptoms of methanol exposure are usually less severe than the symptoms resulting from the ingestion of a similar quantity of ethanol.

Once the initial symptoms have passed, a second set of symptoms arises, 10 to as much as 30 hours after the initial exposure to methanol, including blurring or complete loss of vision and acidosis (increased acidity). These symptoms result from the accumulation of toxic levels of formate in the bloodstream, and may progress to death by respiratory failure. The ester derivatives of methanol do not share this toxicity.

Treatment: This is treated using ethanol (good quality liquor) or fomepizole. Both of these drugs compete with methanol and slow down the action of alcohol dehydrogenase by means of competitive inhibition (ઝેરનું મારણ ઝેર), so that it is excreted by the kidneys rather than being transformed into toxic metabolites.



Methanol Ethanol

So that is about how a poison can kill and how another poison can save. But fundamentally, a poison is a poison and we better stay away. We are human beings and we know what to put inside our body and what not to. Living in the land of *Bapu*, minimum we must do is, respect him.

**- Ujjval Trivedi**

## સંશોધન

**રીસર્ચ પ્રોજેક્ટ મંજૂર થયા :**

- **ડૉ. કે. એન. જોષીપુરા,** અધ્યક્ષ, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગનો રીસર્ચ પ્રોજેક્ટ ''Electron Scattering and Atomic molecular processes in planetary and outer space environments-theoretical investigations''ને ભારત સરકારના ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO), બેંગ્લોરે મંજૂર કર્યો છે. આ પ્રોજેક્ટની સમયાવધિ ત્રણ વર્ષ છે. આ અંગેના ખર્ચ પેટે રૂા. ૧૩,૪૭,૦૦૦/-નું અનુદાન પણ મંજૂર કરવામાં આવ્યું છે.

- **ડૉ. ટી. વી. રામનરાવ,** બી.આર.ડી સ્કૂલ ઑફ બાયોસાયન્સીસનો મેજર રીસર્ચ પ્રોજેક્ટ યુ.જી.સી, નવી દિલ્હીએ મંજૂર કર્યો છે. આ નિમિત્તે રૂા. ૬,૯૭,૮૦૦/- નું અનુદાન પણ મંજૂર કરવામાં આવ્યું છે.

- **ડૉ. પ્રીતિ શ્રીનિવાસ સજ્જા,** અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ વિભાગનો મેજર રીસર્ચ પ્રોજેક્ટ યુ.જી.સી., નવી દિલ્હીએ મંજૂર કર્યો છે. આ નિમિત્તે રૂા. ૬,૨૧,૩૦૦/-નું અનુદાન પણ મંજૂર કરવામાં આવ્યું છે.

- **ડૉ. કિરણકુમાર પી. સુરતી,** અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગનો રૂા. ૧,૦૦,૦૦૦/-ના અનુદાનથી માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ યુ.જી.સી. નવી દિલ્હીએ મંજૂર કર્યો છે.

સૌને યુનિવર્સિટી પરિવાર અભિનંદન પાઠવે છે.

- **ડૉ. ડી. એસ. મિશ્રા, નિવૃત્ત પ્રોફેસર, અનુસ્નાતક અંગ્રેજી વિભાગ તથા ડૉ. આર. એસ. ટીકેકર, નિવૃત્ત પ્રોફેસર, અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગની યુ.જી.સી., નવી દિલ્હીએ Emeritus Fellowship Award** માટે પસંદ કરી છે. બન્નેને અલગ અલગ રીતે રૂા. ૫,૮૦,૦૦૦/-નું અનુદાન બે વર્ષના ગાળા માટે મંજૂર કર્યું છે. ડૉ. આર. એસ. ટીકેકર આ ફેલોશીપની કામગીરી IUCAA, પુના ખાતે કરવાના છે. આ બન્ને મહાનુભાવોને અભિનંદન.

**અનુસ્નાતક વિભાગોને વિશેષ અનુદાનો પ્રાપ્ત થયા**

યુ.જી.સી., નવી દિલ્હીએ આપણી યુનિવર્સિટીમાં **સેન્ટર ફોર ઈન્ડિયન ડાયસ્પોરા** (એરીયા સ્ટડી પ્રોગ્રામ) માટે રૂા. ૧૫,૦૦,૦૦૦ નું અનુદાન મંજૂર કર્યું છે.

**અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ માટે યુજીસીની સ્પેશ્યલ આસીસ્ટન્ટ ટુ સીલેક્ટેડ ડિપાર્ટમેન્ટ અંતર્ગત ડિપાર્ટમેન્ટલ રીસર્ચ સપોર્ટ (DRS) કાર્યક્રમ** હેઠળ ૧ એપ્રિલ ૨૦૦૯થી ૩૧ મે ૨૦૧૪ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે ખર્ચ પેટે રૂા. ૩૧,૫૦,૦૦૦/-નું અનુદાન મંજૂર થયું છે. અભિનંદન.

## વિદ્યાકીય

ગુજરાત શૈક્ષણિક, સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના આર્થિક સહયોગથી **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**, વલ્લભ વિદ્યાનગર દ્વારા **'ઈન્ટીગ્રેશન ઑફ ટૅકનોલોજી ઈન કલાસ રૂમ ટીચીંગ'** વિષય પર તા. ૨૭-૬-૨૦૦૯થી તા. ૨૯-૬-૨૦૦૯ દરમિયાન બી.એડ્. કોલેજના અધ્યાપકો માટે **ત્રિ-દિવસીય સેમીનાર**નું આયોજન કોલેજ પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં આણંદ તથા ખેડા જિલ્લાની વિવિધ બી.એડ્. કોલેજનો ૨૭ અધ્યાપકો સહભાગી બન્યા હતા.

આ ત્રિ-દિવસીય સેમીનારમાં ડૉ. રસીદાબેન દિવાન, ડૉ. ઉષાબેન ખેર, ડૉ. જે. બી. પટેલ, ડૉ. નીપાબેન ભરૂચા, ડૉ. એ. જે. મેકવાન, પ્રા. ડી. એ. મહીડા અને શ્રી કે. કે. પટેલે રીસોર્સ પર્સન તરીકેની સેવા આપી હતી. પ્રસ્તુત સેમીનારમાં 'શિક્ષણ પ્રતિમાનો', 'લર્નિંગ એડ્સ', 'કોમ્પ્યુટર આસીસ્ટેડ ટીચીંગ લર્નીંગ', 'કોમ્પ્યુટર દ્વારા પરીક્ષણ અને મૂલ્યાંકન' વગેરે જેવા વિષયો પર વ્યાખ્યાન તથા પ્રાયોગિક કાર્ય કરવામાં આવ્યું હતું.

## Extension

**ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર** અને **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (સી.ટી.ઈ.)**, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સમગ્ર ગુજરાત રાજ્યના ૧૪૦ જેટલા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સંસ્કૃત ભાષાના તજ્જ્ઞો માટેની **''કર્મયોગી શિબિર''** કોર્સ ડાયરેક્ટર, આચાર્ય (ડૉ.) એન. આર. પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી.

શિબિરમાં શાસ્ત્રી (ડૉ.) જયેન્દ્રભાઈ કે. દવે, ડૉ. નિરંજનભાઈ પટેલ, ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિક, ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા, ડૉ. અસિતકુમાર શાહ અને પ્રા. જયશ્રીબેન કે. દવેએ તજ્જ્ઞીય સેવાઓ આપી હતી. સમગ્ર 'કર્મયોગી તાલીમ શિબિર'માં કોર્સ કો. ઓર્ડિનેટર ડૉ. અસિતકુમાર શાહ હતા.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તા. ૨૪-૬-૨૦૦૯ને બુધવારના રોજ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય, હરિદ્વાર યોજિત યોગ પરિચય કાર્યક્રમ સંસ્થાના વરિષ્ઠ અધ્યાપક ડૉ. વી. વી. બારૈયાના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો.

**Success is peace of mind which is a direct result of self-satisfaction in knowing you made the effort to become the best of which you are capable.**

# વહીવટીય

➤ **નવો સુવર્ણચંદ્રક એનાયત થશે :** સરદાર પટેલ યુનિવર્સિટીમાં તથા સંલગ્ન કોલેજો/ઈન્સ્ટિટ્યુટમાં ચાલતા **એમ.એસસી. (બાયોસાયન્સીસ)** અભ્યાસક્રમોના એટલે કે બાયો-કેમેસ્ટ્રી, બાયો-ટેકનોલોજી, બોટની, ઇન્ડસ્ટ્રીયલ બાયોટેકનોલોજી, માઇક્રો બાયોલોજી અને ઝુલોજી વિષયોમાં બાહ્ય પરીક્ષા (પ્રથમથી ત્રીજા સેમેસ્ટર)માં સર્વાધિક ગુણ મેળવનાર વિદ્યાર્થીને **પ્રોફેસર આઇ. એલ. કોઠારી ગોલ્ડમેડલ** આગામી પદવીદાન સમારંભથી એનાયત થશે.

➤ **વિવિધ વિષયોની અભ્યાસ સમિતિની પુનઃ રચના તેમજ તેના અધ્યક્ષની નિમણૂંક**

| ક્રમ | વિષય | અધ્યક્ષ | સમય અવધિ |
|---|---|---|---|
| ૧. | ભૂગોળ | શ્રીમતી કલ્પના આર. માલવત<br>નલિની-અરવિન્દ આર્ટ્સ કોલેજ | ૧-૭-૨૦૦૯થી<br>ત્રણ વર્ષ |
| ૨. | ઇલેક્ટ્રોનિક્સ | કુ. બાસુમતી એચ. પટેલ<br>પ્રોફેસર, અનુસ્નાતક ઇલેક્ટ્રોનિક્સ વિભાગ | ” |
| ૩. | શિક્ષણશાસ્ત્ર વિભાગ | પ્રો. એમ. કે. યાજ્ઞિક<br>વડાશ્રી, અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ | ” |
| ૪. | ફાર્માસ્યુટીકલ કેમેસ્ટ્રી | શ્રી આર. એસ. મહેતા<br>આસી. પ્રોફેસર, એ. આર. કોલેજ ઑફ ફાર્મસી | ” |
| ૫. | ફાર્માસ્યુટીકલ અને ફાર્મા. ટેકનોલોજી | ડૉ. (શ્રીમતી) હર્ષા વી. પટેલ<br>ઇન્દુકાકા ઇપ્કોવાલા ફાર્મસી કોલેજ | ” |
| ૬. | ફાર્માકોલોજી | ડૉ. (શ્રીમતી) તેજલ આર. ગાંધી<br>આણંદ ફાર્મસી કોલેજ | ” |
| ૭. | ફાર્માકોગ્નોસી અને ફાયટો-કેમેસ્ટ્રી | ડૉ. (શ્રીમતી) સંગીતા શુક્લા<br>ઇન્દુકાકા ઇપ્કોવાલા ફાર્મસી કોલેજ | ” |
| ૮. | પ્રિ-ક્લિનીકલ | ડૉ. રક્ષા ભટ્ટ<br>પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ | ” |

➤ **વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષની નિમણૂંક :** વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ તરીકે **પ્રો. એ. આર. જાની**, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીની તા. ૧ જૂન ૨૦૦૯થી ૩૧ મે ૨૦૧૨ સુધી યુનિવર્સિટીના નિયમ અનુસાર નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન.

➤ **કોલેજોનું નવું નામકરણ**

| ક્રમ | ટ્રસ્ટનું નામ | કોલેજનું જૂનું નામ | કોલેજનું નવું નામ |
|---|---|---|---|
| ૧. | શ્રી બાવીસગામ એજ્યુકેશન ટ્રસ્ટ<br>વલ્લભ વિદ્યાનગર | શ્રી ગોરધનદાસ જમનાદાસ પટેલ<br>બી.બી.એ.-બી.સી.એ. કોલેજ<br>વલ્લભ વિદ્યાનગર | શ્રી ગોરધનદાસ જમનાદાસ પટેલ<br>કોલેજ ઑફ મેનેજમેન્ટ એન્ડ ટૅકનોલોજી<br>વલ્લભ વિદ્યાનગર |
| ૨. | બોરીઆવી કેળવણી મંડળ<br>બોરીઆવી | સરદાર પટેલ કોમર્સ કોલેજ<br>બોરીઆવી | તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ<br>પટેલ કોમર્સ કોલેજ, બોરીઆવી |
| ૩. | બોરીઆવી કેળવણી મંડળ<br>બોરીઆવી | સરદાર પટેલ આર્ટ્સ કોલેજ<br>બોરીઆવી | અખિલેશ સુરેશભાઇ પટેલ આર્ટ્સ<br>કોલેજ, બોરીઆવી |
| ૪. | સરદાર વલ્લભભાઇ પટેલ<br>ચેરીટેબલ એન્ડ એજ્યુકેશનલ મેડિકલ<br>એન્ડ રીસર્ચ ટ્રસ્ટ, રાજકોટ | શ્રીમતી દક્ષાબેન જોષી કોલેજ ઑફ<br>સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ ટૅકનોલોજી<br>લાંભવેલ | કે. એસ. કોલેજ ઑફ સાયન્સ,<br>મેનેજમેન્ટ એન્ડ ટૅકનોલોજી<br>લાંભવેલ |
| ૫. | ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર | નવી અંગ્રેજી માધ્યમની વિનયન કોલેજ<br>વલ્લભ વિદ્યાનગર | ઇન્સ્ટીટ્યુટ ઑફ લેંગ્વેજ સ્ટડીઝ<br>એન્ડ એપ્લાઇડ સોશ્યલ સાયન્સ<br>(ILSASS), વલ્લભ વિદ્યાનગર |

## નવી સિન્ડિકેટના સભ્યશ્રીઓ

(૧) ડૉ. ભરતકુમાર ગોરધનદાસ પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. મહેશચંદ્ર કાન્તિલાલ યાજ્ઞિક
(૩) ડૉ. એચ. પી. ત્રિવેદી
(૪) ડૉ. રાજેન્દ્રસિંહ પી. જાડેજા
(૫) ડૉ. બાસુદેવ બક્ષી
(૬) શ્રી પ્રજ્ઞેશકુમાર અરવિન્દભાઇ પટેલ
(૭) શ્રી દિનેશચંદ્ર ચુનીલાલ પટેલ
(૮) શ્રી બિપીનચંદ્ર પુરુષોત્તમદાસ પટેલ
(૯) ડૉ. (કુ.) ભાનુ ડાહ્યાભાઇ પટેલ
(૧૦) બીના અંબાલાલ મહીડા
(૧૧) શ્રીમતી હંસાકુંવરબા રાજ
(૧૨) શ્રી તૃષારભાઇ અનુભાઇ પટેલ
(૧૩) શ્રી નરેન્દ્ર પ્રભુદાસ ચોટાઇ
(૧૪) ડૉ. શિરીષ એચ. શ્રીવાસ્તવ
(૧૫) શ્રી ભુપેન્દ્ર ચંદુભાઇ પટેલ
(૧૬) ડૉ. ફારોખ સોરાબજી ઉમરીગર
(૧૭) ડૉ. નિખીલ એમ. ઝવેરી
(૧૮) ડૉ. આર. કે. જૈન
(૧૯) શ્રી ગિરીશ બી. જાની
(૨૦) ડાયરેક્ટર (કમિશ્નર) ઑફ હાયર એજ્યુકેશન
(૨૧) ડાયરેક્ટર ઑફ ટૅકનિકલ એજ્યુકેશન
(૨૨) ડાયરેક્ટર ઑફ હેલ્થ, મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન

### 12 - LESSONS IN LEADERSHIP

1. Good Values Attract Good People
2. Love is The Most Powerful Four-Letter Word
3. Call Yourself A Teacher
4. Emotion Is Your Enemy
5. It Takes 10 Hands To Make A Basket
6. Little Things Make Big Things Happen
7. Make Each Day Your Masterpiece
8. The Carrot Is Mightier Than A Stick
9. Make Greatness Attainable By All
10. Seek Significant Change
11. Don't Look At The Scoreboard
12. Adversity Is Your Asset

(...અનુસંધાન પાન ૨૦ થી ચાલુ)

જોઇએ એ એમણે સ્પષ્ટ કરી આપ્યું. આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી મનોજ દાસગુપ્તાએ અને આશ્રમની કોલેજ-'નોલેજ' ના વરિષ્ઠ અધ્યાપિકા ઝુમુરદીદીએ શ્રી અરવિન્દ, શ્રી માતાજીની સર્વાંગી શિક્ષણ પ્રણાલિનો સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બન્ને ભૂમિકાએ પરિચય કરાવ્યો. કિટ્ટુદાએ જગતના ભાવિમાં ભારતે ભજવવાની ભૂમિકાની ચર્ચા કરી. સામ્પ્રત વૈશ્વિક પ્રવાહોનું એમણે અર્થપૂર્ણ દર્શન કરાવ્યું. મેજર જનરલ તિવારી અને એમના પત્ની કમલા તિવારીએ ભારત-પાકિસ્તાન-ચીનના યુદ્ધો, એમાં દિવ્યતાનો હસ્તક્ષેપ, એમાં પ્રગટતી આધ્યાત્મિકતાની રસપ્રદ ચર્ચા કરી.

શિબિરાર્થીઓએ એક આખો દિવસ ઓરોવિલ નામની એક દિવ્ય ઉષાનગરીની મુલાકાત લીધી. શ્રી અરવિન્દ, શ્રી માતાજીના દર્શન અનુસાર એક આંતરરાષ્ટ્રીય નગર 'ઓરોવિલ' તામિલનાડુમાં આકાર લઇ રહ્યું છે. આ નગરમાં પ્રકૃતિ અને સંસ્કૃતિનો અદ્ભુત સુમેળ સધાયો છે. અહીં માતૃમંદિર, ભારત ભવન, સાવિત્રી ભવન, તિબેટીયન પેવેલિયન, શ્રદ્ધાંજલિ (પેપર આર્ટ યુનિટ)ની મુલાકાત લીધી. એક દિવસ પોંડિચેરીમાં વાઇલ્ડ સ્પીસીસ પ્રિઝર્વેશન, કન્ઝર્વેશન એન્ડ રીસર્ચ સેન્ટરની મુલાકાત લીધી. નિસર્ગના લયને પામવાનો પ્રયત્ન કર્યો.

શિબિર દરમ્યાન પૂજાલાલ અને સુન્દરમ્ જેવા આપણા અગ્રણી કવિઓની સાધના ભૂમિની મુલાકાત લીધી. આ કવિ ચેતનાને પામવા પ્રયત્ન કર્યો. આશ્રમની શાળામાં ગયા. અધ્યાપકોને મળ્યા. સૂર દ્વારા સાધના કરતા મોહનભાઇને મળ્યા. એમણે શિબિરાર્થીઓને પ્રાર્થનાઓ શીખવી. વળી, શ્રી અરવિન્દ ચેરના અધ્યક્ષ ભાલેન્દુભાઇ પણ શિબિરમાં ઉપસ્થિત હતા. એમણે તો સૌને 'ઉછવાસે નિશ્વાસે મારી એક જ રટણા હો' પ્રાર્થના ગુંજતા કરી દીધા.

દશ દિવસની આ શિબિરે જીવન જીવવાની એક નવી દૃષ્ટિ આપી. શિબિરના સંયોજનની કામગીરી નીપાબહેન ભરુચા અને પરમ પાઠકે અન્ય મિત્રોના સહકારમાં સંભાળી. સૌના માટે આ શિબિર એક આહ્લાદક અનુભવ બની રહી.

## Research Work

વલ્લભ વિદ્યાનગર સ્થિત **વી. પી. સાયન્સ કોલેજના ૭ અધ્યાપકો દ્વારા લિખીત રીસર્ચ પ્રોજેક્ટ્સ (યુ.જી.સી.) મંજૂર થતા રૂા. ૨૪ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.**

આ અનુદાન પ્રાપ્ત અધ્યાપકો છે : ડૉ. બી. સી. દીક્ષિત, ડૉ. નયનાબેન બ્રહ્મભટ્ટ, ડૉ. પી. એમ. પટેલ, ડૉ. જે. કે. બારીયા, ડૉ. એ. આર. જીવાણી, શ્રી પી. એસ. વ્યાસ અને શ્રી જીગર વી. પટેલ. સૌને અભિનંદન.

## એક અનોખી યુવા શિબિર...

શિબિરો તો યોજાતી રહે. જાત જાતની ભાત ભાતની. એના ચોક્કસ હેતુ હોય. ક્યારેક ના પણ હોય. પરંતુ આપણી યુનિવર્સિટી છેલ્લા અઢી દાયકાથી અનોખી યુવા શિબિર યોજે છે. આપણી યુનિવર્સિટીના મુદ્રાલેખ શીલવૃત્ત ફલં શ્રુતમ્‌ને આ રીતે પણ એ ચરિતાર્થ કરે છે.

આ શિબિર યોજાય છે છેક દક્ષિણ ભારતમાં. ચેન્નાઇ (મદ્રાસ)થી દોઢસો કિલોમીટર દૂર બંગાળના ઉપસાગરના કિનારે વસેલા પૉંડિચેરી ખાતે. પૉંડિચેરી શ્રી અરવિન્દની તપોભૂમિ છે. ત્યાં એમનો આશ્રમ છે. આપણી યુનિવર્સિટીમાં છેલ્લા ચૌદેક વર્ષથી કાર્યરત શ્રી અરવિન્દ ચેર આ આશ્રમના સહયોગમાં દશ દિવસ માટે યુવા શિબિર યોજે છે. આ શિબિર જાણીતી છે : શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિર તરીકે. આ વખતે મેના અંતિમ દિવસોમાં એનો આરંભ થયો. જૂનના પહેલા અઠવાડિયામાં એ સંપન્ન થઇ. આપણી યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓના ૧૯ વિદ્યાર્થીઓ એમાં જોડાયા ને વધારે સારુ જીવન જીવવાના પાઠ શ્રી અરવિન્દ, શ્રી માતાજીના પ્રકાશમાં શીખ્યા.

પરંપરાગત રીતની આ કોઇ આધ્યાત્મિક શિબિર નહોતી. આ શિબિરમાં શરીર, પ્રાણ, મન અને અંતરાત્મા આ તમામનું ચિંતન થયું. શ્રી અરવિન્દ, શ્રી માતાજીએ આપણા સ્વરૂપની આ ચારે ભૂમિકાઓ અંગે જે સત્ય પ્રગટ કર્યું છે એને સમજવાનો, અનુભવવાનો સૌએ જુદી જુદી રીતે પ્રયત્ન કર્યો. આ માટે મુક્ત ચર્ચાઓ યોજાઇ, વાર્તાલાપો થયા. સ્વાધ્યાય-ચિંતન-મનન થયું. આશ્રમના વિવિધ વિભાગોની મુલાકાત યોજાઇ. આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવાનું બની આવ્યું. સૌએ વ્યક્તિગત રીતે અને સમૂહમાં પણ સભાન, સન્નિષ્ઠ યત્ન કર્યો. શિબિર દરમિયાન સુન્દર પ્રેરક પ્રાર્થનાઓ શીખ્યા, ફિલ્મો જોઇ, ધ્યાન કર્યું, વ્યાયામ કર્યો ને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય પણ સાધ્યું.

આશ્રમમાં સાધનારત વરિષ્ઠ સાધકો પણ શિબિરાર્થીઓને મળ્યા. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સૌર વૈજ્ઞાનિક ચમનલાલ ગુપ્તાએ આપણી વિદ્યાપ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં ખૂંટતા તત્વોની ચર્ચા કરી. જીવનના પરમ ધ્યેય અંગેનો પ્રશ્ન આલોક પાંડેએ છેડ્યો. ચિન્મયી માહેશ્વરીએ સૌને સંસ્કૃતનું મહત્વ સમજાવ્યું. આપણે શા માટે સંસ્કૃત શીખવું

(...અનુસંધાન પાન ૪ પર)

### Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

### Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat, India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.